૧૬


# GUJMIN INDUSTRY ASSOCIATION

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org

ESTD. 1962


નં. ગુજમીન/માઇનિંગ ઇસ્યુ/૨૦૨૪/૪૯ તા. ૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલેય,

ગાંધીનગર

વિષય: **ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં ગુજરાતનાં મિનરલ ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રતિનિધિ/ખાણધારકોનો સમાવેશ કરવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

જાય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

<u>પ્રશ્નની વિગત:</u>

ડીસ્ટ્રીકટ મિનરલ ફંડમાં જમા થયેલ રકમ ખાણ વિસ્તારો અને તેનાથી પ્રભાવિત લોકોના વિકાસ અને કલ્યાણ માટે 'પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના'હેઠળ લાભ મળે તે હેતુથી દરેક જીલ્લાઓમાં ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે તેમાં ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રતિનિધિ કે ખાણ ધારકોનો સમાવેશ કરવામાં આવે જેથી જે તે જીલ્લાઓમાં ખાણ પ્રભાવિત ક્ષેત્રોના ઉત્થાન માટે તેમજ આજુબાજુના વિસ્તારના માનવ સમુદાયનો પણ સર્વગ્રાહી વિકાસ થાય તેવી યોજના લાવવામાં આવા શખ્સોના અનુભવનો લાભ મળી રહે. સ્થાનિક ખાણ માલિકોને સ્થાનિક લોકોના વિકાસમાટેની જરૂરીયાતોની સાચી ખબર હોવાથી તે પ્રોજેક્ટ નક્કી કરવામાં વધારે સહાયક હોય શકે છે.

<u>સુચન:</u>

ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રતિનિધિ કે ખાણ ધારકોનો સમાવેશ કરવામાં આવે જેથી જે તે જીલ્લાઓમાં ખાણ પ્રભાવિત ક્ષેત્રોના ઉત્થાન માટે તેમજ આજુબાજુના

માનવ સમુદાયનો પણ સર્વગ્રાહી વિકાસ થાય તેવી યોજના લાવવામાં આવા શખ્સોના અનુભવનો લાભ મળી રહે.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી**

સી. એમ. દ્વિવેદી

**પ્રમુખ**

નકલ રવાના:

કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું,ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.